# સાંપ્રત
# ગુજરાતી સાહિત્ય

(ઇ. સ. ૨૦૦૦ થી ૨૦૧૨)

સંપાદન
જિતેન્દ્ર મેકવાન

I SAHITYA (2000 to 2012)
Articles)
MACWAN
PRAKASHAN

5520-11-2

ા પોતાના
ા

ખત્રીપોળ, પાડાપોળ સામે,
- ૩૮૦ ૦૦૧
૭૮

ડ, ૨૦૧૫

= ૧૨૮

)

છેલ્લાં અઢાર વર્ષથી જ્યાં ભણાવું છું તે
**મહેમદાવાદ કોલેજને**
તથા
ગુજરાતી ભાષા-સાહિત્યને નિસબતથી ભણતાં - ભણાવતાં
**સૌ વિદ્યાર્થીઓ અને અધ્યાપક મિત્રોને**
અર્પણ...

## અનુક્રમ


| | |
|---|---|
| ૧. સાંપ્રત ગુજરાતી સાહિત્યનાં આંતરવહેણો : ચન્દ્રકાન્ત ટોપીવાળા | ૧ |
| ૨. સાંપ્રત ગુજરાતી નવલકથા : ગુણવંત વ્યાસ | ૪ |
| કૃતિસમીક્ષા | |
| ૧. 'આગંતુક યાત્રા' (યોગેશ જોશી) - અશ્વિન આણદાણી | ૨૪ |
| ૨. 'લીલું સગપણ લોહીનું' (કાજલ ઓઝા-વૈદ્ય)- મહેન્દ્રસિંહ ડાભી | ૨૮ |
| ૩. સાંપ્રત ગુજરાતી ટૂંકી વાર્તા : ભરત મહેતા | ૩૦ |
| કૃતિસમીક્ષા | |
| ૧. 'ખાલી કેમ' (કંદર્પ ર. દેસાઈ)- નયના વી. ચુડાસમા | ૫૪ |
| ૨. 'સાંજનો સમય' (હિમાંશી શેલત) - નિસર્ગ આહીર | ૫૭ |
| ૪. સાંપ્રત ગુજરાતી કવિતા : ધ્વનિલ પારેખ | ૬૪ |
| કૃતિસમીક્ષા | |
| ૧. 'એકાંતનો અવાજ' (પન્ના ત્રિવેદી) - પૂર્વી ઓઝા | ૭૭ |
| ૫. સાંપ્રત ગુજરાતી નાટક : ઋષિકેશ રાવલ | ૮૪ |
| કૃતિસમીક્ષા | |
| ૧. 'પશુપતિ' (સતીશ વ્યાસ) - ઋચા વ્યાસ | ૯૬ |
| ૨. 'પુરુ અને પૌષ્ટિ' (વીરુ પુરોહિત) - દીપક ભટ્ટ | ૯૯ |
| ૬. સાંપ્રત ગુજરાતી નિબંધ : અજય રાવલ | ૧૦૨ |
| કૃતિસમીક્ષા | |
| ૧. 'પરિક્રમા નર્મદા મૈયાની' (અમૃતલાલ વેગડ) - અજયસિંહ ચૌહાણ | ૧૧૭ |




# સાંપ્રત ગુજરાતી સાહિત્યનાં આંતરવહેણો

- ચન્દ્રકાન્ત ટોપીવાળા

કોઈ પણ ભાષાસાહિત્યના સાંપ્રત વિશે કશુંક કહેવું એ અત્યંત અઘરું, જોખમકારક અને ક્યારેક ભોંઠા પડવા જેવું છે. સાહિત્યમાં વરતાય ન હોય. ક્યાં પરિબળો અંદરથી કે ક્યાં પરિબળો બહારથી આવીને સાહિત્યની ચાલતી ગતિને પરિવર્તિત કરશે એ હંમેશા કુતૂહલનો વિષય છે. ગુજરાતી ભાષામાં જ જુઓ રા.વિ. પાઠકે 'કાવ્યની શક્તિ'માં જે પુસ્તકો અવલોકન માટે પસંદ કર્યાં છે અને માર્મિક અવલોકનો કર્યાં છે એ પુસ્તકો આજે લગભગ પ્રશિષ્ટ ગણાયાં છે, તો વિષ્ણુપ્રસાદ ત્રિવેદી જેવા વિવેચકે 'વિવેચના' કે 'પરિશીલન'માં જે પુસ્તકોનાં અવલોકનો કર્યાં છે એમાંનાંને ભાગ્યે જ આજે કોઈ યાદ પણ કરે છે. પોતે ગાંધીયુગના છતાં, જ્યારે પ્રહ્લાદ પારેખની જુદી કવિતા આવી ત્યારે 'આંખ નાક કાનની કવિતા' જેવી 'બારી બહાર'ની પ્રસ્તાવના દ્વારા એની સચોટ ઓળખ કરાવી. એટલું જ નહીં, ઉમાશંકર જોશીએ પોતાની ઉત્તરવયે દલિત લેખક જોસેફ મેકવાન આવ્યા તો એમની દલિત પ્રતિભાને દેવદૂતના માપદંડે આવકારી. સુરેશ જોષીએ તો આધુનિકતાવાદી સમયની સાંપ્રત કવિતાનું 'નવોન્મેષ'માં સંપાદન પણ કર્યું અને 'કુંઠિત સાહસો'નું બિરુદ આપ્યું. આ સાહસો હતાં, તો સુરેશ જોષીએ એને કુંઠિત કેમ કહ્યાં? એ કુંઠિત છે કે નહીં એનો કોયડો હજી ઉકેલવાનો બાકી છે. આવાં જોખમો હોવા છતાં, સાંપ્રત સાહિત્યનું વિવેચન હંમેશાં કરાતું જ આવ્યું છે. ગુજરાતી સાહિત્યના સાંપ્રતની તપાસ માટે પચીસેક વર્ષ પાછળ જવું પડશે. ત્યાંથી એનાં આંતરવહેણો શરૂ થાય છે. ગુજરાતી સાહિત્યમાં 'કાળો સૂરજ' ઊગ્યો અને દલિતોના અંધારા ખંડ પર પ્રકાશ પથરાયો. બત્રીસ પૂતળીની વાર્તાઓ, બત્રીસ પૂતળીની વેદનાના વેગમાં પલટાઈ અને પુરુષસત્તાક વ્યવસ્થામાં એક ભૂચાલ આવ્યો. 'પરિષ્કૃતિ'નું એક આહ્‌લું મોજું ઊછળ્યું અને સુરેશ જોષીથી સ્થાપિત મૂળિયાંઓમાં લૂણો લાગવો શરૂ થયો.

## સાંપ્રત ગુજરાતી નાટક
## (છેલ્લાં દસ-બાર વર્ષનું સરવૈયું)

- અશ્વિકેશ રાવલ

ગુજરાતી નાટકો માટે છેલ્લાં કેટલાંક વર્ષોથી એમ બહુ જ સરળતાથી કહેવામાં આવે છે કે, "ગુજરાતીમાં સારાં મૌલિક નાટકો લખાતાં જ નથી અને લખાય છે તે ભજવાતાં નથી." જોકે, નાટક ભજવાય તો જ નાટક; અન્યથા એક નોખું સાહિત્યસ્વરૂપ. પરન્તુ આ વિધાનને અર્ધસત્ય સાબિત કરતી કૃતિઓ છેલ્લાં દસ-બાર વર્ષના સમયગાળામાં ગુજરાતી રંગભૂમિ અને ગુજરાતી સાહિત્યને પ્રાપ્ત થઈ છે. અલબત્ત, ઉપરોક્ત વિધાનને ઉલટાવીને પણ કહેવાનું મન થાય કે, "ભજવાય છે તે લખાતાં નથી." આમ છતાં, પૂરતી સાહિત્યિક ક્ષમતા ધરાવતાં આવાં નાટકો છેલ્લા દાયકામાં ખૂબ જ સફળતાપૂર્વક ભજવાયાં છે, જોવાયાં છે અને પ્રમાણાયાં છે. છેલ્લાં દસ-બાર વર્ષનું સરવૈયું જોતાં, પ્રાપ્ત નાટ્યસંગ્રહોની ઉપલબ્ધિ એટલું તો નક્કી કરી આપે છે કે, મૌલિક નાટકો આજે પણ લખાય છે અને ભજવાય છે. છેલ્લા દાયકામાં ગુજરાતી સાહિત્યને જે મુદ્રિત કૃતિઓ પ્રાપ્ત થઈ છે તેને મેં એક અધ્યાપકીય સજજતાથી વાંચી છે, મારી માનસ-રંગભૂમિ ઉપર ભજવી છે અને અંતે જે કંઈ મેં અનુભવ્યું છે તેનો આસ્વાદ કરાવવાનો અહીં પ્રયાસ કર્યો છે.

છેલ્લાં દસ-બાર વર્ષના સમયગાળામાં આપણને શ્રી સતીશ વ્યાસ, ચિનુ મોદી, લાભશંકર ઠાકર, ઈન્દુ પુવાર, દલપત ચૌહાણ, રવીન્દ્ર પારેખ અને સૌમ્ય જોશી જેવા સર્જકો પાસેથી અનેક દીર્ઘનાટકો અને એકાંકી સંગ્રહો પ્રાપ્ત થાય છે, એમાં સંખ્યા અને સત્વની દૃષ્ટિએ સતીશ વ્યાસ અને ચિનુ મોદીનું પ્રદાન વિશેષપણે નજરે ચડે એવું છે.

આ સમયગાળામાં આપણને કદાચ સૌથી વધુ



ભજવાયેલું, સત્ત્વશીલ અ
જીવન ઉપર આધારિત '
અનુવાદ અને પ્રયોગો પ
બનાવ્યું છે અને છતાંય ર
પ્રવેશવા દઈને સર્જનપ્રક્રિ
માટે સર્જક કથક (Narato
અનુષ્ટુપ છંદનો સુંદર પ્ર
આંતર-બાહ્ય સંઘર્ષ સર્જ
રસોઈકળાનાં સંવાદો-વર્ણ
પણ સર્જક પ્રયોજીને કવિ
સાકાર કરીને કવિ કાન્તને

સતીશ વ્યાસનું 'અં
છે. આમ તો, 'અંગુલિમા
કઠિયારાનો દીકરો સંસારી
સામે આંગળીઓ ચીંધાય
કાપી, એનો હાર ધારણ
લાયકાત ન ધરાવતા, આ
છે. વોટ ખરીદાય, એ અ
ભૂલી માત્ર સ્વાર્થ ખાતર
લોકશાહીને માર્મિક રીતે સુ
નાટક ક્યારેક પાતળા પો
અંકોમાં કથાપ્રયુક્તિ અને
અને મર્મોક્તિસભર સંવા

એકાંતિક અને આ
'કામરૂ' વાસ્તવમાં એક
કથાબીજની માવજતમાં
જ્યાં કેવળ નારી-માદા
પરિવેશ નાટ્યકાર સર્જી
એક એકમના ભાવનો અ
સુચારુરૂપે પરિણત કરી
થોડીક સ્વાભાવિક ગુજરા
વર્ણન કરે છે તેમાં પદ્યા